પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૦ | ૨૧ માર્ચ, ૨૦૧૯, ગુરૂવાર; ફાગણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભાગેડુ નિરવ મોદીની લંડનમાં ધરપકડ

**ધરપકડ કરાયા બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો : નિરવના પેઇન્ટિંગ અને કારનું વેચાણ થશે : પત્નિની સામે પણ બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું**



નવીદિલ્હી, તા. ૨૦
પંજાબ નેશનલ બેંકમાં દેશના સૌથી મોટા બેંકિંગ કૌભાંડને અંજામ આપનાર હિરા કારોબારી નિરવ મોદી ઉપર સકંજો વધુ મજબૂત કરવામાં આવી રહ્યો છે. લંડનમાં તેની ધરપકડના અહેવાલ વચ્ચે ભારતમાં હવે તેની સંપત્તિ વેચવાની પણ શરૂઆત કરી દેવામાં આવી છે. સુત્રોના કહેવા મુજબ મુંબઈ સ્થિત પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ કોર્ટે ઈડીને આ અંગેની મંજુરી આપી દીધી છે. કોર્ટે નિરવના પત્નિ અમી મોદીની સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કરી દીધું છે. ઈડી સુત્રોએ કહ્યું છે કે, કોર્ટે પીએનબીમાં

● અનુસંધાન પાન-૭ પર

## નીરવ મોદીના જામીન નામંજૂર

કરોડો રૂપિયાના પીએનબી કૌભાંડના આરોપી નીરવ મોદીની લંડનમાં ધરપકડ કરવામાં આવી છે. તેને વેસ્ટ મિનિસ્ટર કોર્ટમાં હાજર કરવામાં આવ્યો છે. કોર્ટમાં હાજર થવા દરમ્યાન નીરવ મોદીએ જામીનની અરજી દાખલ કરી હતી જે કોર્ટે માન્ય રાખી નહોતી.

# ગોવામાં પ્રમોદ સાવંત સરકારે આખરે વિશ્વાસનો મત જીતી લીધો

**ફ્લોર ટેસ્ટમાં સરકારને ૨૦ ધારાસભ્યોનું સમર્થન મળ્યું**

પણજી, તા. ૨૦
ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરના અવસાન બાદ પ્રમોદ સાવંતના નેતૃત્મમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે આજે ગૃહમાં બહુમત પૂરવાર કર્યો હતો. હાલમાં ગૃહમાં સંખ્યા ૩૬ની છે. બહુમતિ માટે સરકારને ૧૯ ધારાસભ્યોની જરૂર હતી. ફ્લોર ટેસ્ટ દરમિયન ૨૦ ધારાસભ્યનું સમર્થન મળ્યું હતું જ્યારે ૧૫ ધારાસભ્યોએ વિપક્ષને મત આપ્યો હતો. ફ્લોર ટેસ્ટ દરમિયાન સાવંત સરકારને ભાજપના ૧૧, એમજીપીના ત્રણ, જીએફઈના ત્રણ અને અન્યોના ત્રણનો સાથ મળ્યો હતો. કોંગ્રેસના ૧૪, એનસીપીના એક ધારાસભ્યએ વિરોધમાં મત આપ્યા હતા. ભાજપના કુલ ૧૨ ધારાસભ્યોમાંથી સાત ધારાસભ્ય લઘુમતિ સમુદાયના છે. મનોહર પારીકરના અવસાન બાદ રાજકીય ખેંચતાણ વચ્ચે પ્રમોદ સાવંતને ૧૧ મંત્રીઓની સાથે શપથ અપાવવામાં આવી હતી. પ્રમોદ સાવંતે ૧૧ મંત્રીઓની સાથે મોડી રાત્રે બે વાગે શપથ લીધા હતા. પારીકરના અવસાન બાદ સરકાર બનાવવા માટે એમજેપી અને જીએફઈને મનાવવા ભાજપને ભારે મહેનત કરવી પડી હતી. બંને પાર્ટીઓના ત્રણ-ત્રણ ધારાસભ્યો છે. બંને પાર્ટીઓના નેતાઓને નાયબ મુખ્યમંત્રી પદની ઓફર આપવામાં આવી ત્યારે આ બંને સરકારને સમર્થન આપવા તૈયાર થયા હતા.



મનોહર પારીકરના અવસાન બાદ સરકારને ફરીથી બહુમતિ મેળવવાની ફરજ પડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગોવાના મુખ્યપ્રધાન અને ભૂતપૂર્વ કેન્દ્રિત પ્રધાન મનોહર પારિકરનું ૧૭મી માર્ચના દિવસે મોડી સાંજે અવસાન થયું હતું. ત્યારબાદ ૧૮મી માર્ચના દિવસે પારીકરના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

# માયાવતી લોકસભા ચૂંટણી નહી લડે

**કોંગ્રેસ સાથે દેશમાં કોઇ જગ્યાએ ગઠબંધન હોવાનો ઇન્કાર : કોંગ્રેસ દ્વારા ફેલાવવામાં આવી રહેલા ભ્રમમાં ન પડવા કાર્યકરોને માયાવતીએ અપીલ કરી : જ્યારે ઇચ્છા હશે ત્યારે લોકસભા ચૂંટણી જીતી જશે : માયાવતી**




નવીદિલ્હી, તા. ૨૦
લોકસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમી ચરમસીમા પર પહોંચી ગઈ છે. રાજકીય રસાકસી વધી રહી છે ત્યારે બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ માયાવતીએ મોટી જાહેરાત કરી દીધી છે. લખનૌમાં પત્રકાર પરિષદ દરમિયાન માયાવતીએ કહ્યું હતું કે, આ વખતે તેઓ લોકસભાની ચૂંટણી લડશે નહીં. માયાવતીએ ભાજપ ઉપર આ ગાળા દરમિયાન આકરા પ્રહાર કર્યા હતા. મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેઓ જ્યારે પણ ઈચ્છે ત્યારે લોકસભા ચૂંટણી જીતી શકે છે. અમારા ગંઠબંધનની સ્થિતિ ખુબ મજબૂત છે. લોકસભા ચૂંટણી આ વખતે તેઓ લડશે નહીં. જરૂર પડશે તો કોઈપણ સીટથી ચૂંટણી લડી શકે

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર સમાચાર
### અંક બંધ

ધૂળેટીના પર્વ નિમિત્તે તા. ૨૧/૩/૨૦૧૯ને ગુરૂવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૨૨/૩/૨૦૧૯ને શુક્રવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવા વિનંતી છે.
- વ્યવસ્થાપક

# અરુણાચલ પ્રદેશમાં ભાજપને ફટકો : ૮ મંત્રીઓના રાજીનામા

**પાર્ટી છોડીને તમામ નેતા નેશનલ પીપલ્સ પાર્ટીમાં સામેલ**

ઈટાનગર, તા. ૨૦
અરુણાચલ પ્રદેશમાં સત્તારુઢ ભારતીય જનતા પાર્ટીને વિધાનસભાની ચૂંટણી પહેલા આજે મોટો ફટકો પડ્યો હતો. મંત્રીઓ અને ધારાસભ્યો સહિત આઠ નેતાઓએ પાર્ટી છોડવાની જાહેરાત કરી દીધી છે. મંગળવારના દિવસે પાર્ટી છોડીને આ તમામ નેતા નેશનલ પીપલ્સ પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા.

રાજયમાં યોજનાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ દ્વારા પાર્ટીના રાજ્ય મહાસચિવ જારપુમ ગામલિન, ગૃહમંત્રી કુમારવાઈ, પ્રવાસ મંત્રી જારકર ગામલિન અને અનેક ધારાસભ્યોને ટિકિટ નહીં આપવાના નિર્ણય બાદ મોટી સંખ્યામાં સભ્યો પાર્ટી છોડીને એનપીપીમાં સામેલ થઈ ગયા છે. એનપીપી કોઈપણ પાર્ટી સાથે ચૂંટણીમાં ગઠબંધન કરનાર નથી. ભાજપની વિચારધારા યોગ્ય રહી નથી. એનપીપીની સાથે ચૂંટણીને લઈને ભાજપ તરફથી પણ કોઈ વાત કરવામાં આવી નથી. રાજ્યની ૬૦ વિધાનસભા સીટમાંથી ૫૪ માટે ઉમેદવારોના નામની જાહેરાત ભાજપ સંસદીય બોર્ડ દ્વારા રવિવારના દિવસે કરવામાં આવી હતી. પૂર્વોત્તરની તમામ ૨૫ સીટો ઉપર એનપીપી ચૂંટણી લડશે. અરુણાચલમાં એક જ તબક્કામાં ૨૩મી એપ્રિલના દિવસે ચૂંટણી યોજાનાર છે. વિધાનસભાની સાથે સાથે લોકસભાની ચૂંટણી માટે પણ મતદાન થશે. અરુણાચલમાં એક જ તબક્કામાં મતદાન થશે. ૨૩મી એપ્રિલના દિવસે ક્યાં કેટલી સીટ પર મતદાન થશે તેની વાત કરવામાં આવે તો અરુણાચલની ૨૫ બેઠક પર મતદાન થશે.

# પ્રિયંકા ગાંધીની કાશી વિશ્વનાથ મંદિરમાં ખાસ પૂજા-અર્ચના

**અસ્સી ઘાટ પર પ્રિયંકા દ્વારા ગંગા આરતી કરી**



વારાણસી, તા. ૨૦
કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી આજે પ્રયાગરાજમાં મનૈયા ઘાટથી વારાણસીના અસ્સી ઘાટ ઉપર પહોંચ્યા હતા. બોટ યાત્રા ઉપર પ્રિયંકા ગાંધી પહોંચ્યા હતા. સમર્થકો અને કોંગ્રેસની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે પ્રિયંકાએ અસ્સી ઘાટ પહોંચીને ભાજપ ઉપર પ્રહાર કર્યા હતા. પ્રિયંકાએ વારાણસીમાં પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# વંશના રક્ષણ માટે કોંગ્રેસ કોઈ પણ હદ સુધી જઈ શકે છે : મોદી

**વડાપ્રધાને બ્લોગ લખી કોંગ્રેસ પર નિશાન સાધ્યું**

ન્યુ દિલ્હી,તા.૨૦
લોકસભા ચૂંટણીઓ લડાઈ આ વખતે ફક્ત રેલીમાં જ નહીં પરંતુ ડિજિટલ પ્લેટફોર્મ પર પણ પક્ષ-વિપક્ષ આમને સામને છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સવારે એક બ્લોગ લખી કોંગ્રેસ પર નિશાન સાધ્યુ છે. તેમણે વંશવાદ-લોકશાહી-સંસદ સહિતના ઘણાં મુદ્દાઓને પર કોંગ્રસને ઘેરી છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે તેમના કાર્યકાળ દરમિયાન એવા ઘણા કાર્યો થયા જે કોંગ્રેસ સરકાર દરમિયાન નથી થયા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું કે ઈમરજન્સી લાગુ કરી કોંગ્રેસે સાબિત કર્યું હતું કે એક વંશના રક્ષણ માટે તેઓ કેટલી હદ સુધી પહોંચી શકે છે. ૨૦૧૪માં દેશવાસીઓ આ હકીકત જાણી ખૂબ જ દુ:ખી હતા કે આપણો ભારત દેશ આખરે ફ્રેજાઈલ પાંચ દેશોમાં કેમ છે. સકારાત્મક સમાચારની જગ્યાએ માત્ર ભ્રષ્ટાચાર જેવા સમાચાર, એક-બીજાના દુરૂપયોગના સમાચાર અને ભાઈ-ભત્રીજાવાદ જેવા સમાચાર હેડલાઈન્સ બનતા હતા.

ત્યારબાદ સામાન્ય ચૂંટણીઓમાં દેશના લોકોએ ભ્રષ્ટાચારમાં ડૂબી ગયેલી સરકારથી મુક્તિ મેળવવા અને વધુ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### શત્રુઘ્નસિંહા ચૂંટણી લડશે

ભાજપના સાંસદ હોવા છતાં અવારનવાર સરકાર અને પીએમ વિરૂદ્ધ બયાનબાજી કરતા વિવાદાસ્પદ નેતા શત્રુઘ્નસિંહાને આ વખતે ભાજપમાંથી ટીકીટ મળવાની સંભાવના ઓછી છે. તેઓ પટનાસાહિબથી જ ચૂંટણી લડવા ઈચ્છે છે.

### પાકિસ્તાને સીમા પર લડાકુ વિમાન ગોઠવ્યા


ભારતીય વાયુસેનાએ ભારત સરકારને ઝડપથી લડાકુ વિમાન ખરીદવા કહ્યુ છે. કારણ કે પાકિસ્તાને ભારતીય સીમા નજીક પોતાના એફ-૧૬ વિમાનો ઉભા કરી દીધા છે. ભારતીય સેના હાઈ એલર્ટ પર છે.

## આજથી બેન્કો ૪ દિન સુધી બંધ

આવતીકાલે ધુળેટી પર્વ પર બેંકોમાં રજા રહેશે. આ ઉપરાંત આગામી ચાર દિવસ સુધી હવે બેંકોમાં રજા રહેશે. આજે ૨૦મી માર્ચના દિવસે પણ હોળીના પ્રસંગે ઉત્તરપ્રદેશ, બંગાળ, આંધ્રપ્રદેશ, જમ્મુ કાશ્મીર, આસામ અને ઉત્તરાખંડમાં બેંકોમાં રજા રહી હતી. આવતીકાલે ધુળેટીના દિવસે જાહેર રજા છે. ૨૨મી માર્ચના દિવસે બિહારમાં બેંકો બંધ રહેશે. ૨૩મી માર્ચના દિવસે ચોથો શનિવાર હોવાથી બેંકો બંધ રહેશે. ૨૪મી માર્ચના દિવસે રવિવાર હોવાથી બેંકો બંધ રહેશે. બેંકોમાં ચાર દિવસની રજા હોવાથી સામાન્ય લોકોને મુશ્કેલી પડી શકે છે.








**જોઈએ છે**
પેથોલોજીસ્ટ અને રેડીયોલોજીસ્ટ
સંપર્ક : ૯૮૨૫૫ ૮૩૮૯૮

**વેચવાનો છે**
સેક્ટર-૮માં ૩૩૦ ચો.મી.નો બંગલો વેચવાનો છે.
સંપર્ક : ૯૮૨૫૫ ૮૩૮૯૮

પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ **શ્રદ્ધાંજલી**



જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત, એ કુદરતી પ્રક્રિયા સનાતન સત્ય હોવા છતાં કેટલાય મૃત્યુ એવા છે કે જેના ઘાવ જલ્દી રૂઝાતા નથી. એવો જ એક સદ્‌ગત આત્મા આપની પાસે આવ્યો છે. પ્રભુ આ આત્માને શાશ્વત અને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. અ.સૌ. શ્રીમતી જશોદાબેન બાબુલાલ સુથાર
દેહ વિલય : ફાગણ સુદ પૂનમ (હોળી) ૨૦૧૪

**બાબુલાલ જે. સુથાર**
પ્રમુખ : શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર.

જીગર - અમી, માનુષી - હિયા | સુદિપ - બિજલ, જીયાંશ | નિકુંજ- અર્ચના, જૈનિશ- કાર્તિક

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225